ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૫ ટકા

# સિવિલમાં એક સપ્તાહમાં ડોગ બાઈટના ૫૩ કેસ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરને પાણીજન્ય રોગચાળાએ અજગરી ભરડો લીધો હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં ઝાડા-ઉલ્ટીના કેસ તો દિવસે દિવસે વધી રહ્યા છે. હોસ્પિટલ તેમજ પ્રાઈવેટ ખાનગી કલીનીક દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં ગત સપ્તાહમાં તા.૧૯-૬-૧૭થી ૨૫-૬-૧૭ દરમિયાન કમળાના ૬૪, ઝાડા-ઉલ્ટીના ૫૯, મેલેરીયાના ૧૨, ડેન્ગયું -૧ કોલેરાના-૪, ટાઈફોઈડ-૬, ઓરી-૨ સહિત કુતરા કરડવાના ૫૩ કેસ નોંધાવા પામ્યા છે. જેને પગલે આમ નાગરીકનું ઘરમાંથી બહાર નીકળવુ પણ મુશ્કેલીરૂપ બન્યું છે. જયારે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કમળાના દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે. આ રોગચાળાને નાથવા આરોગ્ય તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા પાણીના સેમ્પલ, ખાદ્ય પદાર્થોનું પણ ચેંકીગ હાથ ધરવામાં આવ્યું છે. જયારે પાણીજન્ય રોગાચાળાને ધ્યાને લઈને તંત્રએ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

ઉનાળાની સિઝન પુરી થઈ ગઈ છે, ચોમાસાની રૂતુનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ગયો છે. શહેરમાં વરસાદી મૌસમ જામી છે, તેમ છતા શહેરમાં ઠંડી છાશ, શેરડીનો રસ, ઠંડી પાણીના પાઉચ, બરફના ગોળા, લીંબુ શરબત, લસ્સી તેમજ વિવિધ આઈસ્ક્રીમ સહિતની ચીજવસ્તુઓની હાટડીઓ ખુલ્લેઆમ ચાલી રહી છે. જેને પગલે નાગરીકોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. નાગરીકો આ વિવિધ હાટડીઓ પરથી બિનઆરોગ્યપ્રદ ખોરાક આરોગતા હોય છે. જેને પગલે નાગરીકોમાં રોગ ઘર કરી જાય છે. ડોકટરના જણાવ્યા મુજબ અત્યારે હાલ ચોમાસાની સિઝન ચાલી રહી છે આ સિઝનમાં પાણીજન્ય ઈન્ફેંકશન ઝડપી ફેલાય છે. જેને પગલે ઝાડા-ઉલ્ટી તેમજ કમળાના દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. જયારે ચોમાસાની સિઝનમાં બજારમાં મળતા બિન આરોગ્યપ્રદ ખોરાક ખાવાનું ટાળવું જોઈએ. શહેરની હોસ્પિટલમાં ગત્ તા.૧૯-૬-૧૭થી ૨૫-૬-૧૭ જુન દરમિયાન મેલેરીયાના -૧૫, ઝાડા-ઉલ્ટીના-૫૯, કમળાના ૬૪,ટાઈફોઈડના-૬, ડેન્ગ્યું-૧, ઓરીના-૨, કોલેરાના -૪ તેમજ કુતરા કરડવાના ૫૩ કેસ જોવા મળ્યા છે. જયારે પાણીજન્ય રોગચાળો આવી ચોમાસાની સિઝનમાં ફેલાતા તંત્ર હરકતમાં આવી ગયું છે. કુતરા કરડવાના બનાવને પગલે ગૃહિણીઓ તેમજ બાળકો પોતાના ઘર પાસે રમતા પણ ડર અનુભવી રહ્યા છે.

# બીએસએફની જાંબાઝ મહિલા સૈનિકોની રોમાંચક ડ્રીલ

## શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા : ડ્રીલ તથા વ્યાયામ સાથે હથિયારોનું પ્રદર્શન પણ યોજાયું





ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર એકમ ખાતે જાંબાજ મહિલા સૈનિકો દ્વારા હથિયારો સાથે ડ્રિલ તથા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા અને મહિલા સૈનિકોને તેમણે બિરદાવ્યા હતા.

બીએસએફ કેમ્પના આસપાસના વિસ્તારની શાળાઓના ૫૦૦થી વધુ બાળકોની ઉપસ્થિતિમાં બીએસએફની જાંબાઝ મહિલા સૈનિકોએ પ્રસ્તુત કરેલ ડ્રીલ તથા વ્યાયામ જોઈ તમામ બાળકો રોમાંચિત થયા હતા. આ સાથે યોજવામાં આવેલ હથિયાર પ્રદર્શનની પણ બાળકોએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત શિક્ષણ સચિવ સુનૈના તૌમર, બીએસએફના આઈજી અજયકુમાર તોમર, ડીઆઈજી ડી.એસ. ભાટી, ડીઆઈજી આર.કે સિંહ, ૧૪૨ બટાલિયન કાર્યવાહક સમાદષ્ટા પારસમલ જિંગાર સહિત ગાંધીનગરના જિલ્લા શિક્ષણાધિકારી અને બીએસએફના અધિકારીઓ, જવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ મહિલા સશકિતકરણની દિશામાં મહત્વપૂર્ણ હોવા સાથે વિદ્યાર્થીઓને બીએસએફમાં કારકિર્દી ઘડવા પ્રેરિત કરવા મદદરૂપ નિવડશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના એકિઝબીશન સેન્ટર ખાતે યોજાનારા 'ટેક્ષટાઈલ ઈન્ડિયા-૨૦૧૭' માટે સ્થળ પર રજીસ્ટ્રેશન પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ આ એકિઝબીશનમાં ભાગ લઈ રહેલા ટેક્ષટાઈલ ક્ષેત્રના વ્યાપારિક તથા ઉત્પાદન એકમો દ્વારા તેમના સ્ટોલ માટે મોટો માલસામાન લાવવામાં આવી રહ્યો હોવાથી પણ એકિઝબીશન સેન્ટર પર ભારે ચહલ પહલ જોવા મળી રહી છે.

● જીએસટીનો હાઉ એટલો બધો છવાયો છે કે મોબાઈલ કંપનીના રિચાર્જ ડિસ્ટ્રીબ્યુટર્સે એક સપ્તાહ માટે બંધ રહેશે તેવી જાણ કરતા શહેરના મોબાઈલ રિચાર્જ ડિલરોએ ગ્રાહકોને તકલીફ ના પડે માટે અગાઉથી એક સપ્તાહ ચાલે તેટલી રકમના રિચાર્જ કરાવવાની તજવીજ હાથ ધરી છે. આ સાથે નાના ગલ્લામાં વેપાર કરતા વેપારીઓએ જીએસટી પહેલા બાકી ખાતા ચુકતે કરી દેવાની ઉઘરાણી ગ્રાહકો પાસે કરવા માંડી છે.

# સાતમા પગારપંચ સહિતના પ્રશ્નો અંગે વ્યાયામ શિક્ષક સંઘ ઉગ્ર લડત આપશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ખાતે ગુજરાત રાજય આચાર્ય સંઘ ઉ.માધ્યમિક સંઘ, વહીવટી સંઘ તેમજ સંચાલક મંડળના સંયુકત ઉપક્રમે સંકલન સમિતિની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં સાતમાં પગાર પંચ તેમજ વિવિધ પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારે આ પડતર પ્રશ્નોનો યોગ્ય સમયમાં ઉકેલ નહીં આવે તો સરકાર સામે આગામી સમયમાં ઉગ્ર લડતના મંડાણ કરવામાં આવશે.જેમાં રાજયમાં કાર્યરત પાંચ સંઘ દ્વારા આજથી આગામી ૯ જુલાઈ સુધી જિલ્લાના ધારાસભ્ય, સંસદસભ્ય, જિલ્લા પંચાયતના સભ્યો તેમજ પદાધિકારીઓને આવેદન પત્ર આપી વ્યાયામ-સંગીત કલા વિષયના શિક્ષકોની ભરતી કરવા અનુરોધ કરવામાં આવશે.જો સરકાર દ્વારા ટુંક સમયમાં ભરતી નહીં કરવામાં આવે તો ખેલ મહાકુંભ સહિતના સરકારી કાર્યક્રમોનો ઉમેદાવારો દ્વારા બહિષ્કાર કરવામાં આવશે.

વર્ષોથી વ્યાયામ-કલા, ચિત્ર શિક્ષકોની ભરતી રાજય સરકાર દ્વારા કરવામાં આવી નથી. જેને પગલે ડીગ્રી મેળવેલા હજ્જારો ઉમેદવારો નોકરીની શોધમાં આમથી તેમ ભટકી રહ્યા છે. શિક્ષક સંઘ મહામંડળ દ્વારા મુખ્ય બે પ્રશ્નો છે જેમાં વ્યાયામ શિક્ષકોની તાત્કાલીલક અસરથી ભરતી કરવીએ ફાજલ વ્યાયામ શિક્ષકોને નોકરી પર ગોઠવવા.તેમજ ધો-૯માં શારીરીક શિક્ષણના ૫ તાસ આપવા. જયારે સંકલન સમિતિ દ્વારા નીચે મુજબના કાર્યક્રમનું આયોજન કરાયુંછે. જેમાં મંત્રીઓ તેમજ ધારાસભ્યોને આવેદન, કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત, ડી.ઈ.ઓ.કચેરી ધરણા, માસ સી.એલ પર જવુ, ગાંધીનગર ખાતે રેલીનું આયોજન, ખેલ મહાકુંભનું રજીસ્ટ્રેશન અટકાવવા સહિતના કાર્યક્રમનો નક્કી વ્યાયામ શિક્ષક સંઘ મહામંડળ દ્વારા લેવામાં આવ્યા છે. રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને અનેકવાર લેખિત આવેદન પત્ર આપી શિક્ષકોની ભરતી કરવા રજુઆત કરી છે છતા હજુ સુધી કોઈ યોગ્ય નિવેડો આવ્યો નથી. ત્યારે ગુજરાત માધ્યમિક ઉ.મા.શાળા વ્યાયામ શિક્ષક સંઘ મહામંડળની તાજતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં રાજયભરમાંથી સભ્યો હાજર રહ્યા હતા.

# પખવાડીયા પહેલા પકડાયેલો બાઈક ચોર ફરી ચોરીના બાઈક સાથે ઝડપાયો




ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર એલસીબીની ટીમે પખવાડીયા અગાઉ જુહાપુરાના એક શખ્સને ચોરીના બાઈક સાથે પકડી પાડયો હતો. જે બાઈક તેણે સે-૨૧ આર વર્લ્ડ સિનેમાના પાર્કીંગમાંથી ચોરી કર્યુ હતું. આ જ શખ્સને સે-૨૮ના બગીચા પાસેથી બીજા ચોરીના બાઈક સાથે એલસીબીની ટીમે પકડી પાડયો છે. ચોરાઉ બાઈક સાથે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ વાહનચોરો પકડવા સક્રીય છે ત્યારે પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમના સ્ટાફના માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હે.કો. જયવિરસિંહ અને સંદિપકુમારને બાતમી મળી હતી કે પખવાડિયા અગાઉ પકડાયેલો જુહાપુરાનો મહમદ અશરફ ગુલામ હુસેન શેખ બીજા ચોરીના એક બાઈક સાથે સે-૨૮ ગાર્ડનના પાર્કીંગ પાસે ઉભો છે જેને આધારે ગાર્ડન પાસે જઈને તેને પકડી પાડી તપાસ કરતા આ હીરો સ્પ્લેન્ડર બાઈક કાગડાપીઠ પોલિસ સ્ટેશનની હદમાંથી ચોરી કર્યુ હોવાનું ખુલ્યું છે. એલસીબીની ટીમે ચોરેલું બાઈક રીકવર કરી મુદ્દામાલ અને આરોપીને કાગડાપીઠ પોલિસ સ્ટેશનને સોંપવા તજવીજ શરુ કરી છે.

# પેન્શનરો અંગેના સમાચારો મોબાઈલ મારફતે ઘરે બેઠા મેળવી શકાશે

ગાંધીનગર, તા.૨૮

જે પેન્શનર ભાઈ/બહેન ઈન્ટરનેટ કનેકશન ધરાવતા હોય તેમજ વ્હોટસએપ એપ્લીકેશનનો ઉપયોગ કરતા હોય તેવા મિત્રો ભારત સરકારના પેન્શનરો અંગેના સમાચારો તેમના મોબાઈલ મારફતે ઘરે બેઠા દર માસ મેળવી શકશે. તો રસ ધરાવતા વ્યકિતઓએ તેમના નામ, સરનામા, મોબાઈલ નંબર એમ.આઈ. સુથાર (મો) ૯૮૨૪૪૫૦૭૬૪ પર એસએસ કરી, બ્રોડકાસ્ટીંગ લીસ્ટમાં દિન-૩માં રજીસ્ટર કરવા લેવા વિનંતી છે. જેથી તેમને મેસેજ-માહિતી મળતી થઈ જશે.

## આઈ લવ માય ગાંધીનગર



**અજય પ્રજાપતિ**

**ગાંધીનગર ગમે**
હરિયાળી, સુંદરતા અને સહૃદયી લોકોને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
કલાપ્રેમી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રેમી, તહેવાર પ્રેમી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
પ્લગ-ઈન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન ઉપરાંત જી ઈ કલબ દ્વારા કરવામાં આવતી કલા, સેવા પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
નગરને કલા ને સેવાનું ધામ બનાવવામાં આવે તો તે બહેતર બની શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**
યુવાવિકાસનાં સઘળાં કામો માટે મારી સહાય નગરને આપવા હું તૈયાર છું.

# કડી કેમ્પસના વિદ્યાર્થીઓનું ઈન્દ્રોડા પાર્ક ખાતે વૃક્ષારોપણ




ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસની આર.સી. સ્કૂલ સહિત અન્ય શાળાઓના આશરે ૧૦૦થી વધુ બાળકોએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધર્યો હતો અને આશરે ૨૫૦થી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ કાર્યક્રમમાં ગીર ફાઉન્ડેશન દ્વારા છોડવા રોપવા માટે ખાડા કરવાનું ઓસ્ટ્રેલિયાથી આયાત કરેલ અત્યાધુનિક મશીન ઉપયોગમાં લેવાયુ હતું. જેના કારણે જરૂર પુરતો જ ખાડો થાય અને જમીન કે આસપાસની અન્ય વનસ્પતિ યથાવત રહે. બાળકોને આ મશીનની કામગીરીનું નિદર્શન કરવામાં આવ્યું હતું. તથા તેના વડે તેમણે વૃક્ષારોપણ કર્યું હતું. આ વૃક્ષારોપણમાં સૌથી અગત્યની બાબત એ છે કે બાળકોએ વાવેલા તમામ વૃક્ષોની સાર સંભાળ પણ આ બાળકો જાતે રાખવાના છે જેથી તેમનામાં પર્યાવરણ પ્રત્યે જાગતિ અને પ્રકૃતિ પ્રેમમાં વધારો થાય.

# માતૃભાષા સજ્જતા વિશે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૨૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન સે-૨૩ ગાંધીનગરના તાલીમાર્થીઓને ગુજરાતી ભાષાનો ખ્યાલ વધુ સ્પષ્ટ થાય તે હેતુથી તા. ૨૪-૬-૧૭ના રોજ ભાષા સજ્જતા વિશે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમમાં સાહિત્યકાર રોહિતભાઈ જોશીએ તાલીમાર્થીઓને જોડણી, વાકય રચના, શબ્દો અને તેના વિવિધ અર્થો વિગેરે વિશે ઊંડાણપૂર્વકની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કોલેજના એચઓડી ડૉ.જીજ્ઞાસાબેન જોશી, ડૉ. ભરતભાઈ પટેલ, પ્રાધ્યાપક નરેન્દ્રભાઈ નાયી વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# નિસર્ગ દ્વારા 'વિજ્ઞાન સફર' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત દર વર્ષે ગાંધીનગરની જુદી જુદી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં 'વિજ્ઞાન સફર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વિજ્ઞાન સફર કાર્યક્રમનો હેતુ એ છે કે જે વિદ્યાર્થીઓ વિજ્ઞાન કેન્દ્રમાં નથી આવી શકતા તેમને એટલે કે જિલ્લાથી દુરના તાલુકાના વિદ્યાર્થીઓને પણ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓનો લાભ મળી શકે.

વિજ્ઞાન સફર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં આવતા હોય તેવા પ્રયોગો, વિવિધ વર્કશોપ જેવા કે મોડેલ રોકેટરી વર્કશોપ, એરોમોડેલીંગ વર્કશોપ, ટેનગ્રામ વર્કશોપ, મેચસ્ટીક મોડેલ મેકીંગ વર્કશોપ, ફન વિથ મેથ્સ, ફન વિથ કેમેસ્ટ્રી, સાયન્સ ફિલ્મ શો, પોપ્યુલર લેકચર જેવા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન શાળામાં જ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લાની જે શાળાને વિજ્ઞાન સફર કાર્યક્રમનું આયોજન કરવું હોયતેમણે નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવો અથવા કાર્યાલયના ફોન નં. ૨૩૨૩૫૨૧૫૫ પર કોઓર્ડીનેટર હાર્દિક મકવાણાનો સંપર્ક સાધવા જણાવાયું છે.



# સરગાસણ ચોકડીથી મળેલા બિનવારસી મૃતદેહની હજુ ઓળખ થઈ નથી

ગાંધીનગર, તા. ૨૮

શહેરના ખ માર્ગ પર સરગાસણ ચોકડી પાસેથી ૨૨ જુને સાંજના સવા આઠ વાગ્યાના અરસામાં આશરે ૪૫ વર્ષીય બિનારસી આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતકની ઓળખ માટે ચજવીજ શરુ કરી છે. એક અઠવાડીયું થઈ ગયું હોવા છતાં તેની ઓળખ થઈ શકી નથી. શરીરે પાતળા બાંધાનો અને ગ્રે કલરનું પેન્ટ તથા અડધી બાંયનો ચેક્ષ શર્ટ તેણે પહેરેલો છે.

## ચિરવિદાય

- સ્વ. કમળાબા રામસિંહ ચૌહાણ, ઉ.વ. ૭૫
- સ્વ. શંભુજી લાલાજી ગોલ, ઉ.વ. ૪૭
- સ્વ. ઈલાબેન વિનુજી ઠાકોર, ઉ.વ. ૪૩
- સ્વ. ચેહરબેન વાઘજીભાઈ રબારી, ઉ.વ. ૭૦
- સ્વ. શણગારબા દશરથસિંહ વાઘેલા, ઉ.વ. ૬૧
- સ્વ. મંગુબેન મોહનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૦